મતદાન સુધારણા અધૂરા ફોર્મ મેપિંગનો પ્રારંભ

બારડોલી-ભરૂચમાં બે દિવસ મતદાર યાદી સુધારણા કેમ્પ

બારડોલી, ભરૂચઃ ભારતીય ચૂંટણી પંચ દ્વારા હાથ ધરાયેલા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) અંતર્ગત બારડોલીમાં મતદાર યાદી સુધારણાના બીજા તબક્કાની મહત્ત્વપૂર્ણ કાર્યવાહી શરૂ થઈ છે. ૧૩ તારીખ સુધી ચાલનારી આ ઝુંબેશમાં અધૂરા ફોર્મ અને પુરાવા વગરની અરજીઓના નિકાલ માટે 'મેપિંગ' કામગીરીનો આજથી પ્રારંભ કરાયો છે.

ગત વિધાનસભા ચૂંટણીમાં બારડોલી મત વિસ્તારમાં ૨.૯૩ લાખ મતદાર નોંધાયા હતા. ચાલુ વર્ષે સુધારણા કાર્યક્રમ દરમિયાન કુલ ૨.૨૮ લાખ ફોર્મ જમા થયાં છે, જેમાંથી ૧.૫૪ લાખ ફોર્મનું મેપિંગ પૂર્ણ થઈ ગયું છે. બાકી રહેલાં અંદાજે ૭૪ હજાર ફોર્મમાં વિગતો અધૂરી હોવાથી ચૂંટણી પંચ દ્વારા સંબંધિત નાગરિકોને નોટિસ પાઠવવામાં આવી છે. ચૂંટણી અધિકારી અને ડેપ્યુટી કલેક્ટર જીજ્ઞા પરમારના માર્ગદર્શન હેઠળ નગરપાલિકા કચેરી અને તાલુકા સેવાસદન સહિત કુલ ૨૫ કેન્દ્ર પર આ કામગીરીનું આયોજન કરાયું છે. તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ નોટિસમાં જણાવેલા સમય અને સ્થળ પર જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે હાજર રહી પોતાના ફોર્મનું મેપિંગ કરાવી લે.

ભરૂચ જિલ્લામાં શનિવારથી બે દિવસીય મતદારયાદી સુધારણા કેમ્પ યોજાશે. મતદારો પોતાનું નામ જોઈ શકશે. નવા મતદારો ફોર્મ ભરી શકે તે સહિતની સેવાઓ મળી રહેશે. ભરૂચ જિલ્લામાં આવેલા તમામ મતદાન મથકો પર તા.3 અને 4 જાન્યુઆરીના રોજ ખાસ કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. આ દિવસોમાં નાગરિકો સવારે 10થી સાંજે 5 વાગ્યા સુધી પોતાના વિસ્તારના મતદાન મથકની મુલાકાત લઈ મતદાર યાદીમાં પોતાનું નામ, વિગતો તથા ફોટો ચકાસી શકશે.

બારડોલીના છીત્રામાં ચેકડેમમાં તોડફોડ મામલે તપાસ શૂન્ય

સિંચાઈ વિભાગની ઘોર બેદરકારી, 7 દિવસ બાદ પણ કાર્યવાહી ન થતાં ગ્રામજનોમાં આક્રોશ

બારડોલીઃ બારડોલીના છીત્રા ગામે પૂર્ણા નદી પર નિર્મિત સંજીવની ચેકડેમને નુકસાન પહોંચાડવાના ગંભીર મામલે તંત્રની ઉદાસીનતા સામે આવી છે. એજન્સી દ્વારા ગેરકાયદે રીતે કરવામાં આવેલી તોડફોડ છતાં, જવાબદાર સિંચાઈ વિભાગના વેર-2 યોજના કાર્યાલય દ્વારા સાત દિવસ વીત્યા બાદ પણ કોઈ નક્કર તપાસ હાથ ધરવામાં ન આવતાં ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

છીત્રાની સીમમાંથી પસાર થતી પૂર્ણા નદી પર ગ્રામજનોની વર્ષોની રજૂઆત બાદ આ ચેકડેમ બનાવવામાં આવ્યો હતો, જે હાલ આસપાસનાં 10થી વધુ ગામો માટે જીવાદોરીસમાન સાબિત થયો છે. જો કે, નજીકના સેવાસણ અને વચ્છરવાડ ગામને જોડતા ઊંચા પુલ બનાવવાની કામગીરી દરમિયાન નદીમાં પાણીનું સ્તર વધુ હોવાથી પુલના પાયા નાંખવામાં મુશ્કેલી પડી રહી હતી.

આ મુશ્કેલી નિવારવા માટે પુલનું કામ કરી રહેલી એજન્સીએ કોઈપણ જાતની લેખિત પરવાનગી વગર જ બ્રેકર મશીન વડે ચેકડેમને તોડવાની શરૂઆત કરી દીધી હતી.

આ ગેરકાયદે પ્રવૃત્તિની જાણ થતાં જ ગામના અગ્રણી હેમંત બારડ સહિતના લોકો તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા અને કામ અટકાવ્યું હતું. આ મામલે નવસારી ગ્રામ્ય પોલીસ ઉપરાંત બારડોલી પ્રાંત અધિકારી અને સિંચાઈ વિભાગ-વ્યારાને પણ ફરિયાદ કરવામાં આવી હતી. પ્રાંત અધિકારીએ આ મામલે સક્રિયતા દાખવી તાત્કાલિક ટીમ મોકલી સરવેની કામગીરી કરાવી હતી, પરંતુ આશ્ચર્યજનક રીતે નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની કચેરી વ્યારાના કાર્યપાલક ઈજનેર દ્વારા હજુ સુધી કોઈ તપાસ શરૂ કરવામાં આવી નથી. સરકારી મિલકતને નુકસાન પહોંચાડવા બદલ જવાબદાર એજન્સી સામે કાર્યવાહી કરવાને બદલે અધિકારીઓ દ્વારા દાખવવામાં આવી રહેલી આ નિષ્ક્રિયતા સામે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે.

સંક્ષિપ્ત સમાચાર

બારડોલીની બી.એ.બી.એસ. હાઈસ્કૂલમાં વાર્ષિકોત્સવ યોજાયો

બારડોલીઃ બારડોલી એજ્યુકેશન સોસાયટી સંચાલિત બી.એ.બી.એસ. હાઈસ્કૂલ ખાતે 'ધબકાર 2.0' થિમ પર આધારિત મનોહર વાર્ષિકોત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વાત્સલ્ય ટ્રસ્ટના પ્રમુખ શૈલેષભાઈ બારોટ અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સંસ્થાના ચેરમેન દેવર્ષિભાઈ જોશી, માનદમંત્રી અજયભાઈ અધ્વર્યુ સહિત વિવિધ વિભાગના આચાર્યો, શિક્ષકો અને મોટી સંખ્યામાં વાલીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને વાર્ષિક અહેવાલના વાંચનથી થઈ હતી. આ અવસરે વર્ષ દરમિયાન શૈક્ષણિક, રમતગમત અને સાંસ્કૃતિક ક્ષેત્રે રાજ્ય કક્ષા સુધી સિદ્ધિ મેળવનાર તેજસ્વી પ્રતિભાઓને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સાંસ્કૃતિક વિભાગમાં વિદ્યાર્થીઓએ ગણેશ વંદના, શિવતાંડવ, પંજાબી અને આદિવાસી નૃત્ય, તથા 'વૃદ્ધાશ્રમ સંદેશ' જેવી સામાજિક કૃતિઓ રજૂ કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ ઉપરાંત, શાળાની વર્ષભરની પ્રવૃત્તિઓને આવરી લેતી 'ઈ-કૃતિ' પણ લોન્ચ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મુકેશ દુબે અને ટીમે કર્યું હતું, જ્યારે આભારવિધિ રેખાબેન પટેલે કરી હતી. અંતે, હર્ષોલ્લાસ સાથે આ સમારોહ સંપન્ન થયો હતો.

સોનગઢની મહિલાને સાબુનો ઓર્ડર આપવાનું ભારે પડ્યું

સોનગઢ:સોનગઢના નવાગામના વિશ્વભવનમાં રહેતા કુશાગ્રભાઈ સંજયભાઈ શર્મા વેપાર સાથે જોડાયેલા છે. તેમનાં માતા નિતુબેને 1 જાન્યુઆરીએ મિશો ઓનલાઇન સાઇટ પરથી સાબુનો ઓર્ડર આપ્યો હતો. બીજા દિવસે સાંજે આશરે 5:15 વાગ્યે તેમના મોબાઈલ પર અજાણ્યા નંબર (7063051119) પરથી વોટ્સએપ કોલ આવ્યો હતો. ફોન કરનારી વ્યક્તિએ જણાવ્યું કે, તમારું પેમેન્ટ ફેલ થયું છે. આથી ફરીથી પેમેન્ટ કરવું પડશે અને અગાઉના પૈસા રિફંડ મળી જશે. સામેવાળી વ્યક્તિએ વિશ્વાસમાં લઈ નિતુબેનના વોટ્સએપ પર અલગ-અલગ ક્યુ.આર. કોડ મોકલ્યા હતા. આ સ્કેનરનો ઉપયોગ કરાવી ફોન-પે અને ગૂગલ-પે મારફતે કુલ સાત જેટલાં ટ્રાન્ઝેક્શન કરાવી રૂ.6,856 ટ્રાન્સફર કરાવી લીધા હતા. ત્યારબાદ સામેવાળાનો નંબર સ્વીચ ઓફ થઈ જતાં પરિવારને છેતરપિંડીનો અહેસાસ થયો હતો. આ મામલે કુશાગ્ર શર્માએ સોનગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા મોબાઈલ ધારક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસની તપાસ પોલીસ ઇન્સ્પેક્ટર ઈશ્વરભાઈ ધુળાભાઈ દેસાઈને સોંપવામાં આવી છે.

હાંસોટમાં બાઈક વીજપોલ સાથે અથડાતાં ચાલકનું મોત

ભરૂચઃ બે દિવસ પહેલા હાંસોટ તાલુકામાં આવેલા ઇલાવ-બાલોતા ગામને જોડતા માર્ગ પર એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે જઈ રહેલી બાઈક નં.(GJ-05,FG-5502) અચાનક વીજ પોલ સાથે અથડાતાં બાઈકચાલકને ગંભીર ઇજા પહોંચતાં તાત્કાલિક સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. એ દિવસે તેમની સાથે રહેતા મહમદ અફસર અલીએ બિહાર રાજ્યના કટીહાર જિલ્લાના 24 વર્ષીય ભીમકુમાર જગદીશ ચૌધરીની ઓળખ આપી હતી. હોસ્પિટલમાં પહોંચતાં તેનું કરુણ મોત નીપજ્યું હતું. આ બાબતે હાંસોટ પોલીસે મૃતક સામે ગુનો નોંધ્યો હતો.

કેવડિયા ખાતે પતંગ મહોત્સવ યોજાશે

રાજપીપળાઃ નર્મદા જિલ્લાના પ્રવાસન સ્થળ SOU ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે આગામી 11 જાન્યુઆરીના રોજ SOU મુકામે આંતર રાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન સંદર્ભે કલેક્ટર એસ.કે. મોદીની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ પતંગ મહોત્સવ સરદાર સરોવર નર્મદા બંધના વ્યૂ પોઈન્ટ-૧ ખાતે યોજાનાર છે. આ બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટરે વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓને સોંપાયેલી કામગીરી યોગ્ય રીતે થાય, વિદેશમાંથી આવતા પતંગબાજોની સુરક્ષા સાથે પ્રોટોકોલ જળવાય રહે તેની કાળજી રાખવા અને પતંગોત્સવ ખરેખર મહોત્સવ બની રહે તે જોવા સૌને પોત પોતાની ફરજ અદા કરવા તેમજ આ મહોત્સવ કાર્યક્રમમાં કાયદા વ્યવસ્થાની જાળવણી, બેઠક વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થા, વીજ પુરવઠો જળવાઈ રહે, આરોગ્ય ટીમ હાજર રાખવા જણાવ્યું હતું.

માંડવીના જે.પી.નગરમાં બે ઘરમાં ચોરી

માંડવીઃ માંડવીના જે.પી.નગર સોસાયટી, રંજન હોસ્પિટલ પાછળ આવેલા ઘર નં.245માં રહેતાં નયનાબેન રસિકભાઈ પટેલના બંધ મકાનને ચોરોએ નિશાન બનાવ્યું હતું. અજાણ્યા ચોર ઈસમોએ ઘરનો દરવાજો ખોલી અંદર પ્રવેશ કર્યો હતો. ઘરમાં રાખેલા કબાટના લોકરમાંથી રૂ.70,000 રોકડા, એક તોલાનું સોનાનું મંગળસૂત્ર કિં.રૂ.20,000, એક તોલાની સોનાની બે જોડ બુટ્ટી રૂ.20,000, ચાંદીના પાંચ જોડ સાંકળા રૂ.25,000, બાળકોના ચાંદીના ચાર કડા રૂ.2,500 અને 10 ગ્રામના પાંચ ચાંદીના સિક્કા રૂ.3,000 સહિત કુલ રૂ.1,40,500 મતાની ચોરી કરી હતી. આ જ સોસાયટીમાં ઘર નં.398માં રહેતા કમલેશભાઈ દેવીદાસભાઈ ચૌધરીના મકાનને પણ ચોરોએ નિશાન બનાવ્યું હતું. ચોરોએ મુખ્ય દરવાજાનો નકૂચો અને તાળું તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. તેમના કબાટના લોકરમાંથી રૂ. 5,000 રોકડા, અડધા તોલાની સોનાની એક વીંટી (કિંમત રૂ. 10,000), ચાંદીની બે નાની ચેન (કિંમત રૂ. 2,000) અને ચાંદીની બે નાની બંગડીઓ કિંમત રૂ. 800 મળી કુલ રૂ. 17,800ની ચોરી થઈ હતી. આમ બંને ચોરીની ઘટનામાં કુલ રૂ.1,58,300ની મતાની ચોરી થતાં પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

વહીવટી કારણોસર તાપી જિલ્લામાં સાત PIની આંતરિક બદલી

વ્યારાઃ તાપી જિલ્લા પોલીસમાં વહીવટી કારણોસર આંતરિક બદલીનો દોર શરૂ કરતાં SP જે.એન.દેસાઈ દ્વારા જિલ્લામાં સાત PIની એકસાથે બદલી કરી દેવામાં આવી છે. ત્યારે પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે અને બદલીને કારણે ક્યાંક ખુશી તો ક્યાંક ગમનો માહોલ જોવા મળી રહ્યો છે. તાપી જિલ્લાનાં અલગ અલગ પોલીસ મથકોમાં તેમજ શાખામાં ફરજ બજાવતા 7 PI ની વહીવટી કારણોસર જિલ્લામાં આંતરિક બદલીનો ગંજીપો કસતાં LCBના સેકન્ડ PI એસ.પી સોઢાને વ્યારા પોલીસ સ્ટેશનમાં સેકન્ડ PI , સોનગઢ પોલીસ સ્ટેશનનાં PI આઈ.ડી. દેસાઈને કુકરમુંડા પોલીસ સ્ટેશનમાં, કુકરમુંડા PI વી.કે.પટેલની સોનગઢ સેકન્ડ PI તરીકે તેમજ સોનગઢ PI એમ.એસ.સુમરાની એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટમાં બદલી કરવામાં આવી છે. તેમજ LIB શાખાના PI એમ.એમ. રાવત કાકરાપાર PI તરીકે નિમાયા છે. જ્યારે સાઈબર ક્રાઈમના PI જે.બી આહીરને પેરોલ ફ્લો સ્ક્વોડમાં મૂકવામાં આવ્યા છે. જ્યારે એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટના PI કે.ડી.મંડોરાને સાઈબર ક્રાઈમનો હવાલો સોંપવામાં આવ્યો હતો.

દયાદરામાં બાઇક ધીમે ચલાવવા કહેતાં પથ્થરમારોઃ ચાર ઘાયલ

બાઇક સ્લિપ થતાં ધીમે ચલાવવા કહ્યું તો વિધર્મી પર હુમલો, ૫૦નાં ટોળાં સામે ફરિયાદ

ભરૂચઃ ભરૂચ રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં આવતા દયાદરા ગામમાં મોટરસાઈકલ ચલાવવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. આ ઘટનામાં ૪૫થી ૫૦ જેટલા વ્યક્તિઓના ટોળાએ કરેલા પથ્થરમારામાં ચાર શખ્સને નાની-મોટી ઈજા પહોંચી છે, જેમને સારવાર માટે ભરૂચની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ભરૂચના દયાદરા ગામની પ્રેમનગરીમાં રહેતા નજીરહુસેન મહમદશા દીવાન ૧ જાન્યુઆરી-૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૮:૧૫ વાગ્યે ગામના બસ સ્ટેન્ડ પાસે બેઠા હતા. એ સમયે ગામનો જ એક યુવક પૂરઝડપે બાઈક લઈ પસાર થતાં સ્લિપ ખાઈને પડી ગયો હતો. નજીરહુસેને તેને બાઈક ધીમે ચલાવવાનું કહેતાં મામલો બિચક્યો હતો. બાદ ત્યાં હાજર ૪૫થી ૫૦ જેટલા આદિવાસી યુવાનોના ટોળાએ નજીરહુસેન સાથે ઝપાઝપી શરૂ કરી હતી. દરમિયાન એક અજાણ્યા યુવકે લાકડી વડે હુમલો કર્યો હતો. આથી કેટલાક લોકો તેમને બચાવવા માટે દોડી આવ્યા હતા.

ઝઘડો વધતા ટોળાએ એકસંપ થઈ પથ્થરમારો પણ શરૂ કર્યો હતો. નજીરહુસેમને માથાના ભાગે પાંચ ટાંકા આવ્યા હતા. આ હુમલામાં વચ્ચે છોડાવવા પડેલા યામીનભાઈ, મોહસીનભાઈ અને સિકંદરભાઈને પણ પથ્થર વાગતાં ઈજા થઈ હતી. સિકંદરભાઈને કપાળના ભાગે ૩ ટાંકા આવ્યા છે. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક પટેલ વેલફેર હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. નજીરહુસેનના જણાવ્યા મુજબ બાઇકચાલક નશાની હાલતમાં હતો. પોલીસે આ મામલે અજય ઉંદેસીંગ વસાવા, હાયજી વસાવા, સુરેશ ઉર્ફે સુરીયો વસાવા અને અન્ય ૪૫-૫૦ અજાણ્યા ઈસમ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. આ કેસની વધુ તપાસ પોલીસ ઇન્સ્પેક્ટર ધર્મેન્દ્રસિંહ અજીતસિંહ ઝાલા ચલાવી રહ્યા છે.

દયાદરામાં હિંસક અથડામણમાં સામે પક્ષે ૧૦ સામે ફરિયાદ

ભરૂચઃ દયાદરા ગામે ક્રિકેટ રમવા અને બાઈક સ્લિપ થવા જેવી બાબતોની અદાવતમાં બે જૂથો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. ફરિયાદ મુજબ આરોપીઓએ ફરિયાદી અજયભાઈ વસાવા અને તેમના પરિવારનેજાતિ વિષયક અપમાનિત કર્યા હતા. ૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રાત્રે, ૧૦ આરોપીના ટોળાએ ફરિયાદીના ૧૩ વર્ષના પુત્રને માર માર્યો હતો. છોડાવવા વચ્ચે પડેલા કિશન વસાવાને માથામાં લોખંડની પાઈપ મારી ગંભીર ઈજા પહોંચાડવામાં આવી હતી. આ ઘટનામાં પથ્થરમારો પણ થયો હતો, જેમાં અન્ય સાક્ષીઓને ઈજાઓ પહોંચી હતી. ભરૂચ રૂરલ પોલીસે મોરીસ હાફેજી અને નજીર દિવાન સહિત ૧૦ શખ્સો સામે B.N.S.S., એટ્રોસિટી એક્ટ અને જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગુજરાત પ્રદેશ કિસાન મોરચાના અધ્યક્ષ બારડોલીની મુલાકાતે

બારડોલીઃ ગુજરાત પ્રદેશ કિસાન મોરચાના નવનિયુક્ત પ્રમુખ હિરેનભાઈ હીરપરાએ તેમના પ્રદેશ પ્રવાસનો પ્રારંભ સરદાર સાહેબની કર્મભૂમિ બારડોલીથી કર્યો હતો. સુરત જિલ્લા ભાજપ અધ્યક્ષ ભરતભાઈ રાઠોડની અધ્યક્ષતામાં યોજાયેલા આ પ્રવાસ દરમિયાન હીરપરાએ સ્વરાજ આશ્રમ, ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારનું કાર્યાલય અને જિલ્લા ભાજપ કાર્યાલય 'શ્રી કમલમ'ની મુલાકાત લીધી હતી. બારડોલી સુગર ફેક્ટરી ખાતે કિસાન મોરચાની સંગઠનલક્ષી બેઠક યોજાઈ હતી, જેમાં આગામી કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, તેમણે અલ્લુ ગામના ખેડૂત અમિતભાઈ પટેલના ખેતરે જઈ પ્રાકૃતિક ખેતીનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર સહિત દક્ષિણ ગુજરાતના અનેક પદાધિકારીઓ અને સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

અકસ્માત કેસમાં ૪ મહિનામાં સમાધાનઃ રૂ.૧ કરોડનું વળતર

તાપી જિલ્લા લોક અદાલતનો નિર્ણય, અરજદાર તરફે માંડવીના વકીલ ભાવેશ કાપડિયા અને સુરેશ યાદવ હતા

માંડવી, સોનગઢઃ વ્યારા ખાતે રહેતા અને સોનગઢની પહાડદા પ્રાથમિક શાળાના શિક્ષક ધર્મેશભાઈ પટેલનું તા.૨૩ જૂન-૨૦૨૫ના રોજ એક માર્ગ અકસ્માતમાં અવસાન થયું હતું. તેઓ વડોદરાથી પરત ફરી રહ્યા હતા ત્યારે લકોદરામાં રોંગ સાઈડ આવતી ટ્રકે તેમની કાર નં.(જીજે-26-વીવી-2278) ને ટક્કર મારી હતી. ૪૮ વર્ષીય શિક્ષક ધર્મેશભાઈના અવસાનથી તેમનાં પત્ની, બે પુત્રીઓ અને વૃદ્ધ માતા પર આભ તૂટી પડ્યું હતું. શિક્ષક તરીકે તેમનો પગાર રૂ.83,315 હતો. પીડિત પરિવારે ન્યાય માટે વળતર દાવો દાખલ કર્યો હતો. સામાન્ય રીતે વર્ષો સુધી ચાલતા આવા કેસોમાં તાપી જિલ્લા ન્યાયાધીશ ટી.આર.દેસાઈના માર્ગદર્શન હેઠળ એક નવી મિસાલ કાયમ કરાઈ હતી. અરજદાર તરફે માંડવીના વકીલ ભાવેશ કાપડિયા, સુરેશ યાદવ હાજર રહ્યા હતા. જ્યારે યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ કંપનીના લીગલ ઓફિસર પ્રાચીબેન યાદવ સહિતના અધિકારીએ સમાધાનકારી વલણ અપનાવ્યું હતું. તા.૩/૧/૨૦૨૬ શનિવારે યોજાયેલી લોક અદાલતમાં અરજદાર પક્ષ અને યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ કંપની વચ્ચે હકારાત્મક ચર્ચા થઈ હતી. માત્ર 4 માસમાં જ અદાલતે રૂ.૧,૦૦,૦૦,૦૦૦ (એક કરોડ રૂપિયા)નું વળતર ચૂકવવાનો આદેશ કર્યો હતો. જેને વીમા કંપનીએ માન્ય રાખ્યો હતો. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ વાય.બી.ગામીતના જણાવ્યા અનુસાર આ સુખદ સમાધાનથી પીડિત પરિવારને આર્થિક ટેકો અને ઝડપી ન્યાય મળતા મોટી રાહત થઈ છે.

માંડવા ટોલનાકા નજીક અકસ્માત,મહિલાનુંમોત

બાઈક પર જઈ રહેલા દંપતીને અડફેટે લઈ ડમ્પર ચાલક ફરાર, પતિને ઈજા

અંકલેશ્વરઃ અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે નં.48 પર ભરૂચથી અંકલેશ્વર તરફ જતાં રોડ પર આવેલા માંડવા ટોલનાકા નજીક બેદરકારી ભર્યા ડમ્પરચાલકે સર્જેલા અકસ્માતમાં એક મહિલાનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું, જ્યારે તેમના પતિને ઈજાઓ પહોંચી હતી.

મળતી માહિતી મુજબ, સખારામભાઈ સોમાભાઈ બાગુલ (ઉં.વ.51, રહે., અણસ્તુ ગામ, તા. કરજણ, જિ. વડોદરા, મૂળ ચીંચલી, તા. આહવા, જિ. ડાંગ) પોતાની પત્ની રાનુબેન સખારામ બાગુલ (ઉં.વ.50)ને સાથે લઈ હોન્ડા શાઈન મોટરસાઈકલ (નં. જીજે 30 એફ 2237) પર પોતાના વતન તરફ જઈ રહ્યા હતા ત્યારે પાછળથી આવેલા ડમ્પર (નં. જીજે 16 એડબ્લ્યુ 3633)ના ચાલકે પૂરઝડપે અને બેદરકારીથી વાહન હંકારી તેમની બાઈકને અથડાવી હતી. દંપતી બાઈક સાથે રોડ પર ફંગોળાઈ ગયા હતા, આ દરમિયાન ડમ્પરનું ટાયર રાનુબેનના માથાના ભાગેથી પસાર થતાં તેમનું જગ્યા એ જ મોત થયું હતું, જ્યારે સખારામભાઈને જમણા પગે તથા શરીરે મુઢમાર જેવી ઈજાઓ પહોંચી હતી. ડમ્પર ચાલક વાહન લઈને ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં ટોલનાકા પર હાજર લોકો તથા શેરડી કાપવાનું કામ કરનાર સાથી મજૂરો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને બાદમાં પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે મૃતદેહનો કબજો લઈને જરૂરી કાનૂની કાર્યવાહી હાથ ધરી છે અને અજાણ્યા ડમ્પરચાલક ચાલક વિરુદ્ધ ગુનો નોંધાયો છે. વધુ તપાસ અંકલેશ્વર તાલુકા પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે.

કતલખાને લઈ જવાતાં પશુઓને બચાવાયાં

અંકલેશ્વરમાં 4 ટ્રક અને કન્ટેનરમાંથી 80 ભેંસ, એક પાડો મળી આવ્યો

અંકલેશ્વરઃ અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે નં.48 પર આવેલા સન્માન હોટલના કમ્પાઉન્ડમાં પાનોલી પોલીસે મોટી કાર્યવાહી કરી ગેરકાયદે રીતે પશુઓનું વહન થતું હોવાનો પર્દાફાશ કર્યો હતો. પોલીસને મળેલી બાતમીના આધારે ચાર ટ્રક/કન્ટેનરની તપાસ કરતાં ઘાસચારા તથા પાણીની કોઈ વ્યવસ્થા વગર ખીચોખીચ ભરી રાખેલી કુલ 80 ભેંસ અને એક પાડો મળી આવ્યા હતા.

પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે, ટાટા કન્ટેનર નં.(જીજે-1-કે.ટી.-8530), અશોક લેલન કન્ટેનર નં.(જીજે-27-ટી.ડી.-1414), ટાટા કન્ટેનર નં.(જીજે-31-ટી-9401) તથા ટાટા ટ્રક નં.(જીજે-27-ટીટી-6554)માં પશુઓને દોરડાથી ફાંસો થાય અને શ્વાસ રૂંધાય એ રીતે અત્યંત ક્રૂરતાથી બાંધી રાખવામાં આવ્યાં હતાં. પશુઓને ગેરકાયદે કતલખાને લઈ જવાનો ઇરાદો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. પોલીસે ટ્રકના ચાલકો અને ક્લીનરોની પૂછપરછ કરતાં પશુઓ વલણ ગામના વિવિધ તબેલામાંથી ભરાવ્યાનું અને ધુલિયા, માલેગાંવ માર્કેટ યાર્ડ તરફ લઈ જવાના હોવાનું બહાર આવ્યું છે. તપાસ દરમિયાન કેટલાક આરોપીઓ પકડાયા છે. જ્યારે કેટલાક આરોપીઓ ફરાર હોવાનું સામે આવ્યું છે. ઝડપાયેલા પશુઓની અંદાજિત કિં.રૂ.20.10 લાખ અને ચારેય વાહનોની કુલ કિંમત રૂ.20.50 લાખ મળી કુલ રૂ. 40.60 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પશુઓને જીવદયા કેન્દ્ર/પાંજરાપોળ ખાતે ખસેડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ભરૂચમાં વૃદ્ધાની ચેન ઝૂંટવવાનો પ્રયાસ કરનારો સ્નેચર ઝડપાયો

કુરિયર બોય બની ગઠિયાએ ચેન તોડવાનો ગુનો આચર્યો

અત્યાર સુધીના 20થી વધુ કેસ ઉકેલાયા

ભરૂચઃ ભરૂચના ચિત્રકૂટ સોસાયટી, તુલસીધામ વિસ્તારમાં એક વૃદ્ધ મહિલાને પાર્સલ આપવાના બહાને ઘરની બહાર બોલાવી ગળામાંથી ચેન ઝૂંટવાનો પ્રયાસ કરનાર શાતિર ચેન સ્નેચરને ભરૂચ શહેર સી ડિવિઝન પોલીસે ગણતરીના કલાકોમાં દબોચી લીધો છે. પોલીસે વડોદરાના અકોટાની રાધાકૃષ્ણ પાર્કમાં થયેલી ચેન સ્નેચિંગનો પણ ગુનો ઉકેલી નાંખ્યો છે.

ભરૂચ સી ડિવિઝન પોલીસમથકના પીઆઈ વી.એ. ડોડિયાની ટીમ સહિત સર્વેલન્સના જવાનો પેટ્રોલિંગમાં હતા. તેમને મળેલી બાતમીના આધારે સફેદ મોપેડ નં.(GJ-06-SK-3906) સાથે આરોપીને પકડી પાડવામાં આવ્યો હતો. પોલીસ પૂછપરછમાં આરોપી કિશોર ઉર્ફે અજય મોહનભાઈ માછી (ઉં.વ.46) (રહે.,6/107, રાજ રતનપોળ આજવા રોડ, વડોદરા)એ ભરૂચ ઉપરાંત વડોદરા શહેરમાં પણ આ જ કાર્યપ્રણાલી (મોડસ ઓપરેન્ડી) થી ચેન સ્નેચિંગ કર્યાની કબૂલાત કરી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી પાર્સલ આપવાના બહાને વૃદ્ધોને નિશાન બનાવતો હતો. આરોપી અગાઉ ગુજરાતભરમાં 20થી વધુ ચેન સ્નેચિંગના ગુનામાં પકડાઈ ચૂક્યો છે. હાલ તેની વિરુદ્ધ ભરૂચ શહેર સી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સાથે વડોદરા પોલીસને પણ તેની જાણ કરવામાં આવી છે.

ભરૂચના ચાવજની વિડીયોકોન કંપનીમાં ચોરી કરનારો રીઢો ચોર 4 વર્ષે પકડાયો

ભરૂચઃ ભરૂચ SOGએ વર્ષ 2022માં વિડીયોકોન કંપનીના PCB પ્લાન્ટમાં થયેલી 8.15 લાખ રૂપિયાની ચોરીનાં ચાર વર્ષથી નાસતા-ફરતા આરોપીની સુરતથી ધરપકડ કરી હતી. તા.21 ફેબ્રુઆરી, 2022ના રોજ ચાવજ ખાતે આવેલી વિડીયોકોન કંપનીના સ્ટોર રૂમમાંથી કોઈ અજાણ્યા ચોરોએ કંપનીની ઓફિસનું એસીની વિન્ડો કાઢી અંદર પ્રવેશ કર્યો હતો અને કોપર બસ બાર, કોપર જંક્શન બોક્સ, કોપર સ્ટ્રીપ, પ્લેટ, પાઈપ, કેબલ જેવો કીમતી સામાન ચોરી કર્યો હતો. ભરૂચ SOGને મળેલી બાતમી પરથી સુરત ગ્રામ્ય વિસ્તારના મોસલી ગામમાં દરોડો પાડી આરોપી શ્યામવીર ઉર્ફે ચમનુ ભૈયા શ્રીરામઅવતાર કુસ્વાહાને ઝડપી પાડ્યો હતો. આરોપી સામે સુરત ગ્રામ્ય પોલીસ ઉમરાડા સ્ટેશનમાં પણ ઘરફોડ ચોરીના ગુના નોંધાયેલા હોવાનું તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું.

અંકલેશ્વરમાં 240 એપ્રેન્ટિસની પસંદગી કરાઈ

અંકલેશ્વરઃ અંકલે